# ખેડબ્રહ્મામાં મોટર સાયકલના થેલામાંથી બે લાખથી વધુની ચીલઝડપ

## ગોતા દૂધ મંડળીના કલાર્ક રીપેરીંગ કરવા મૂકેલ ઘડીયાળ લેવા ગયા અને અજાણ્યા છોકરાએ ખેલ પાડયો

ખેડબ્રહ્મા, તા.૪

ખેડબ્રહ્મા શહેરમાં આવેલી સાબરકાંઠા જિલ્લા સહકારી બેંકમાંથી ગોતા દૂધ મંડળીના કલાર્ક દૂધના પેમેન્ટની રૂ. ૨,૮૩,૦૦૦ની રકમ ઉપાડી બેગ મોટર સાયકલના થેલામાં રકમ મૂકી સરદાર ચોકમાં ઘડીયાળ રીપેરીંગ માટે મુકેલ તે લેવા ગયા દરમિયાન થેલામાંથી કોઈ અજાણ્યો છોકરો રકમ લઈ પલાયન થઈ જવાના બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે. આટલી મોટી રકમની ચીલ ઝડપ થતાં શહેરમાં અને ગોતા ગામમાં ચકચાર મચી જવા પામી છે.

વડાલી તાલુકાની ગોતા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના કલાર્ક નરસિંહભાઈ જેસંગભાઈ પટેલ મંડળીના દૂધના પેમેન્ટ રૂ. ૨.૮૩ લાખનો ચેક લઈ સોમવારે સવારે ૧૧.૩૦ વાગ્યાના સુમારે સાબરકાંઠા જિલ્લા સહકારી બેંકની ખેડબ્રહ્મા શાખામાં ગયા હતા. આ રકમ લઈ બેગમાં મુકી પોતાની મોટર સાયકલ નંબર જી.જે. ૯ પી ૯૭૯૨ના થેલામાં મુકી હતી અને સરદાર ચોકમાં આવેલી દિવાન વોચ કંપનીમાં રીપેરીંગ માટે મુકેલ ઘડીયાળ લેવા મોટર સાયકલ પાર્ક કરી ગયા હતા. દરમિયાન ઘડીયાળ લઈ પરત આવતાં મોટર સાયકલના થેલામાંથી રૂ. ૨,૮૩,૦૦૦ની બેગ કોઈ અજાણ્યો ચોર ઈસમ લઈ પલાયન થઈ ગયો હતો. આજુબાજુ તપાસ કરતાં એક છોકરો મોટર સાઈકલ પાસે ઉભો હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે મંડળીના કલાર્ક નરસિંહભાઈ જેસંગભાઈ પટેલે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. વિરલ પટેલ ચલાવી રહ્યા છે.

## ઊંઝામાં આંક-ફરકના જુગારધામ પર પોલીસનો દરોડો

ઊંઝા, તા.૪

ઊંઝા નજીકના ઉનાવા ગામે હાઈવે પર આવેલ રામાપીરના મંદિર પાછળ આંક ફરકનો જુગાર રમાતો હોવાની મળેલ બાતમીના આધારે પોલીસે આ સ્થળે બપોરેના સમયે દરોડો પાડ્યો હતો. જેમાં પોતાના અંગત ફાયદાસારૂ વરલી મટકાનો જુગાર રમતા રમાડતા મંગાજી આપુજી વણઝારા રૂપિયા ૩૨૦૦ની રોકડ રકમ તેમજ જુગારના સાહિત્ય સાથે ઝડપાઈ ગયા હતા. આ અંગે પોલીસે જુગારધામ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# ડીસામાં પોલીસની હેરાનગતિ સામે રીક્ષાચાલકોની હડતાળ



ડીસા, તા.૪

ડીસા શહેરમાં ફરતી રીક્ષાઓને ટ્રાફીક સમસ્યાના મામલે પોલીસે મેમો આપતા રોષે ભરાયેલા તમામ રીક્ષા ચાલકો હડતાળ પર ઉતરી ગયા હતા અને વારંવાર પોલીસ દ્વારા કરાતી હેરાનગતિ સામે પોતાનો આક્રોશ વ્યકત કર્યો હતો.

ડીસા શહેરમાં પેસેન્જર ખેંચતી રીક્ષાઓના ચાલકો ટ્રાફીક પોલીસની કહેવાતી હેરાનગતિ સામે જંગે ચડયા હતા. ટ્રાફીક સમસ્યામાં અડચણરૂપ રીક્ષાઓને પોલીસે મેમા આપતા રોષે ભરાયેલા રીક્ષા ચાલકો એકઠા થયા હતા એને એસડીએમ કચેરીએ આવેદન પત્ર આપવા માટે આવ્યા હતા. પરંતુ શહેર પી.આઈ. ભદોરીયાએ તેમને સમજાવી શહેર પોલીસ મથક ખાતે બોલાવ્યા હતા. જયાં રીક્ષા ચાલકોએ તેમની રજુઆત કરી હતી. રીક્ષા ચાલકો હડતાળ પર ઉતરતા મુસાફરો અટવાઈ ગયા હતા અને ટ્રાફીક જામ થઈ ગયો હતો. રીક્ષા ચાલકોએ જણાવ્યું હતું કે ટ્રાફીક સમસ્યાના બહાને પોલીસે એક જ દિવસમાં ૧૫ જેટલી રીક્ષાઓના મેમા આપતા અમો માંડ પરિવારનું ગુજરાન ચલાવીએ છીએ ત્યારે આટલી રકમ કઈ રીતે ભરી શકીએ? આમ પોલીસની હેરાનગતિ સામે રીક્ષા ચાલકો હડતાલ પર ઉતરતા મામલો તંગ બન્યો હતો. જો કે શહેર પી.આઈ. ભદોરીયાની સમજાવટ બાદ રીક્ષા ચાલકોએ ફરી રીક્ષાઓ ચાલુ કરી હતી.

## ઊંઝામાં સગીરા પર યુવકનો બળાત્કાર

ઊંઝામાં રહેતી એક સગીર વયની યુવતીને લગ્નની લાલચ આપી એક શખ્સે તેણીનું અપહરણ કરી જુદી જુદી જગ્યાએ લઈ જઈ ધાકધમકીથી તેણી પર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરકિયાદ નોંધાયેલ છે. ઊંઝા ખાતે બાળોજનગર સોસાયટી પાસેના છાપરામાં રહેતો એક શખ્સ સગીરવયની યુવતીને લગ્નની લાલચ આપી તેણીનું અપહરણ કર્યું હતું. બાદ આ શખ્સ સગીર યુવતીને જુદી જુદી જગ્યાએ લઈ ગયો હતો. જ્યાં તેણીને ગોંધી રાખી તીક્ષ્ણ હથિયાર બતાવી મારી નાંખવાની ધમકી આપી બળ જબરીપૂર્વક તેણી પર બળાત્કાર ગુજાર્યો હતો.




**પ્રાંતિજમાં માર્ગ સુરક્ષાના ટુડોર ઈન્ડિયા તરફથી બોર્ડ મુકયા**

પ્રાંતિજમાં આવેલી ટુડોર ઈન્ડિયા કંપની દ્વારા માર્ગ સલામતી સુરક્ષાના બોર્ડ હાઈવે પર મુકવામાં આવ્યાં છે. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી. ઉપાધ્યાયનાં હસ્તે છ બોર્ડ મુકવામાં આવ્યાં હતા. પરિણામે અકસ્માત તો ઘટશે ને વાહનો ધીમો ચાલશે. આ પ્રસંગે ટુડોર ઈન્ડિયાના મેનેજર તથા સ્ટાફે તથા પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## ઊંઝા ખાતે દર્શનાર્થે આવેલા દંપતીનું પાકીટ ચોરાયુ

ઊંઝા, તા.૪

ઊંઝા ખાતે ઓટોરીક્ષામાં બેસતીવેળા કોઈ ગઠીયાએ એક મહિલા યાત્રિકના થેલીમાંથી રૂપિયા નવ હજારની રોકડ રકમ તથા મહત્વના દસ્તાવેજ ભરેલી પાકિટની ઉઠાંતરી કરી હોવાનો બનાવ બનેલ છે.

સુરત જિલ્લાના બારડોલી ખાતે રહેતા રમેશભાઈ પટેલ પોતાના ધર્મપત્નિ હેમલત્તાબેન સાથે કડવા પાટીદારના કુળદેવી ઉમિયા માતાજીના દર્શનાર્થી ઊંઝા આવ્યા હતા. દરમિયાન બપોરના સમયે તેઓ એક દુકાનેથી ખરીદી કરીને ઓટોરીક્ષામાં બેસી રહ્યા હતા. ત્યારે તેમની નજર ચૂકવીને કોઈ ગઠિયો તેમની પાસેના થેલામાં રહેલ પાકિટની ચોરી કરીને કયાંક પલાયન થઈ ગયો હતો. ચોરાયેલ પાકિટમાં નવ હજારની રોકડ રકમ, બેંકનું એ.ટી.એમ. કાર્ડ વગેરે હતા.

# નોલેજ રીવોલ્યુશનની આગેવાની ગુજરાત લેશે : વજુભાઈ વાળા

મહેસાણા, તા. ૩

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી વજુભાઈ વાળાએ મહેસાણા જિલ્લાના શંકુજ વોટર પાર્ક ખાતેથી ગુજરાત અર્બન કો.ઓપ. બેન્કસ ફેડરેશન અમદાવાદ અને ઉ.ગુ. અર્બન કો.ઓપ. બેન્કસ ફેડરેશન મહેસાણાના સંયુક્ત યોજાયેલ Flood IT-2 પ્રોજેક્ટ રીમોટ કન્ટ્રોલનું બટન દબાવી ગુજરાત રાજ્યમાં લોન્ચ કર્યો હતો.

Flood IT-2 પ્રોજેક્ટ લોન્ચીંગના આ યોજાયેલ સમારોહને સમારોહના અધ્યક્ષ સ્થાનેથી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી વજુભાઈ વાળાએ રાજ્યના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી રવિ સકસેના, GUCB Fed ના ચેરમેનશ્રી જ્યોતીન્દ્રભાઈ મહેતા, GUCB Fed નાડીરેક્ટરશ્રી એન.વી. પટેલ, ગુજરાત રાજ્ય સહકારી બેન્કના ચેરમેનશ્રી અજયભાઈ એચ. પટેલ, શ્રી કલ્પકભાઈ દોસી, સ્થાનિક પૂર્વ ધારાસભ્યશ્રી અનીલભાઈ પટેલ, વિવિધ સહકારી અગ્રણીઓ, GUCB Fed અમદાવાદ અને મહેસાણાના ગણમાન્ય મહાનુભાવો પદાધિકારીઓની ઉપસ્થિતિમાં અત્યાધુનિક આઈ.ટી. ટેકનોલોજી યુક્ત રીમોટ કંટ્રોલ યુનીટથી દિપ પ્રગટાવી પ્રારંભ ખુલ્લો મુક્યો હતો.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી વજુભાઈ વાળાએ અધ્યક્ષીય પ્રવચન આપતા ઉપસ્થિતોને જણાવ્યું હતું કે, આજે આ સાથે લોન્ચ થયેલ Flood IT-2 પ્રોજેક્ટ થકી રાજ્યના ગ્રામીણ વિસ્તારોના બાળકોની ઈન્ટેલીઝન્સીને ઉજ્જવળ તકોના નિર્માણના આ વાસ્તવિક ભગીરથ પ્રયાસમાં GUCB Fed અમદાવાદ અને મહેસાણાની સહકારી બેન્કો અને સહકારી સંસ્થાઓએ રાજ્યમાં અને રાષ્ટ્રમાં આઈ.ટી. થકી નોલેજ રિવોલ્યુશનની આગેવાન બનશે તેમ જણાવી આ શુભ અવસરમાં સામેલ થયાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ અગાઉ રાજ્યની સહકારી બેન્કોના સહકારથી રાજ્યમાં Flood IT-2 પ્રોજેક્ટ ખુબ જ સફળ રહ્યો હતો અને રાજ્યના શહેરી વિસ્તારો તેનો લાભ લેવામાં અગ્રેસર રહ્યા હતા. જ્યારે આ Flood IT-2 યોજનાના વિસ્તારમાં છેક છેવાડાના ગ્રામીણ વિસ્તારોને આવરી લેવામાં આવેલ છે. તે ખરેખર સરાહનીય છે. Flood IT-2 અંતર્ગત KG TO PG ના વિદ્યાર્થીઓથી વિધ્યા વાચસ્પતિઓને લેપટોપ, નોટબુક, ડેસ્કટોપ કોમ્પ્યુટર વગેરેનો પ્રોપીટનો લોસના ધોરણે અને આર્થિક નબળા વિદ્યાર્થીઓને શક્ય એટલી વધારે નાણાંકીય રાહત આપવા કો.ઓપ. બેન્કર્સને અનુરોધ કર્યો હતો. તેમજ ગ્રામીણ બાળકોના જીવન આ Flood IT-2 થકી ઉજ્જવળ પ્રકાશમય બનાવવાની સેવાનો અને રાજ્યમાં એફીસીયન્ટને ઓપોચ્યુનીટી આપવાનો સહકારી ક્ષેત્રે જવાબદારી લેવાનો આ સમય છે તેમ અધ્યક્ષશ્રી વજુભાઈ વાળાએ જણાવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી રવિ સકસેનાએ રાજ્યમાં આઈ.ટી. ક્ષેત્રે અનેક તકોની ઉપલબ્ધિ જણાવી હતી. રાજ્યમાં આઈ.ટી.ના આવિસ્કારની જાણકારી આપતા ઉપસ્થિતોને જણાવ્યું હતું કે, રાજ્યના ૨૫૦ કરતા વધારે તાલુકાની ૧૪ હજાર ગ્રામ પંચાયતો GSWAN કોમ્પ્યુટર નેટવર્ક જોડી તેના ખુબજ સફળ પરીણામો છેવાડાના વિસ્તારના જનમાનસને રાજ્ય સરકારના પ્રયત્નોથી મળે છે. રાજ્યમાં જ્યા મોબાઈલ નેટવર્ક ઉપલબ્ધ નથી એ વિસ્તારોમાં રાજ્ય સરકારનું GSWAN નેટવર્ક સરળતાથી ચાલે છે. આજે રાજ્યમાં આધુનિક કોમ્પ્યુટર ટેકનોલોજીના આવિસ્કારથી રાજ્યના બજેટ કામગીરી પેપર લેસ બની છે ત્યારે સમસ્ત ભારત દેશમાં ગુજરાત રાજ્ય એવું છે કે, છેવાડાના ગ્રામીણ વિસ્તારને આ Flood IT-2 યોજના દ્વારા કોમ્પ્યુટર ટેકનોલોજીની આધુનિક સીસ્ટમનો લાભ મળવાથી આ Flood IT-2 યોજના નવું સિમાચિન્હ બની રહેશે તેવી શુભેચ્છા આપી હતી.

આ પ્રસંગે GUCB Fed ના ડીરેક્ટરશ્રી એન.વી. પટેલે Flood IT-2 યોજનાની જાણકારી આપતા રાષ્ટ્રમાં ગ્રીન અને વ્હાઈટ અને આઈ.ટી. રિવોલ્યુશનના પાયામાં ગુજરાતનું યોગદાન રહ્યું છે. ત્યારે નોલે રીવોલ્યુશનની આગેવાની ગુજરાતની સહકારી બેન્કો અને સહકારી સંસ્થાઓના માધ્યમથી આ Flood IT-2 પ્રોજેક્ટ ડીઝીટલી લીટરેસીના પર્યાય સમાન Flood IT-2 બનશે એવી નેમ વ્યક્ત કરી હતી.

## પાણપુરના કિફાયતનગર ખાતે મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો

હિંમતનગર તાલુકાના પાણપુર (સવગઢ) ના કિફાયતનગર ખાતે ગત તારીખ ૩ માર્ચ--૨૦૧૩ના રોજ મદ્રેસા ટ્રસ્ટ દ્વારા મફત નેત્રનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

હિંમતનગર તાલુકાના કિફાયતનગર ખાતે ઈઠરા મદ્રેસા ટ્રસ્ટ દ્વારા ઈકશ મદ્રેસાના હોલમાં મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં અંદાજીત ૨૫૦ થી વધુ દર્દીઓએ આંખોની તપાસ કરાવી હતી અને જે આંખના નંબરવાળા દર્દીઓને ૬૦ રૂપિયા જેવી નજીવી કિંમતે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. એ.વી. મેમન, ડૉ. હેમન્ત દ્વારા દર્દીઓને ઝીણવટપૂર્વક તપાસી કેમ્પને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો. ઈઠરા મદ્રેસાના મેનેજિંગ ટ્રસ્ટી બસીરઆલમ અંસારી મૌલાના મોહસીન, હા. યુનુસ, હનીફ, સીરાજભાઈ મેમન, રફીક મુનીરભાઈ લુહાર તેમજ આ કેમ્પના આયોજક તરીકે મો. સલીમ એ સફળ બનાવવા સહયોગ પૂરો પાડ્યો હતો.

# પ્રાંતિજ અવર ઓન હાઈસ્કૂલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ ખાતે આવેલા રેલવે સ્ટેશન વિસ્તારમાં પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાન પૈકી અવર ઓન ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, પ્રાથમિક શાળા હાઈસ્કૂલ, બાલમંદિર, વિદ્યાવિહાર જેવી વિવિધ વિભાગના સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાનની ભગીની સંસ્થાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, સંસ્થાના મંત્રી રઈશભાઈ કસ્બાબી, નિત્યાનંદભાઈ, પૂર્વ પ્રમુખ ઉષાબેન, નગરપાલિકાના પ્રમુખ ગીરિશભાઈ પટેલ, પ્રાંતિજ પી.આઈ. ઈ.એમડી. ઉપાધ્યાય, અરવિંદભાઈ કોઠારી વગેરેની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક પોગ્રામો રજુ કરવામાં આવ્યા હતા.

માઈન, આદિવાસી નૃત્યુ, ગરબો, નાટક, લોકગીત, દેશભક્તિ ગીત, એક પાત્ર અભિગમ રજુ કર્યુંહતું. તેમાં આવેલ મહેમાનો અને પ્રાંતિજ નગરવાસીઓના દિલ જીતી લીધા હતા. આ સાંસ્કૃતિક પ્રોગ્રામમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા.

# ઊંટવાડામાં એસટી બસની અનિયમિતતાથી મુસાફરો પરેશાન

ડીસા, તા. ૪

પાટણ તાલુકાના ઊંટવાડા ગામે પાકો રોડ હોવા છતાં બસ સુવિધામાં વારંવાર ડખા સર્જાતા મુસાફરો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકી વેઠવી પડે છે. આ બાબતે વારંવાર રજુઆતો કરવા છતાં સુખદ નિરાકરણ નહી આવતા મુસાફરો અને ગ્રામજનોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

પાટણ તાલુકાના ઊંટવાડા ગામમાં અગાઉ પાલનપુર ડેપો દ્વારા બસોનું સારૂ સંચાલન થતું હતું પરંતુ છેલ્લા ચારેક વર્ષથી એસટી કર્મીઓની લાપરવાહીને કારણે ઊંટવાડા રૂટ પર ભેદભાવની નિતી અખત્યાર કરવામાં આવે છે અને ગામમાં પાકો રોડ હોવા છતાં બાયપાસ બસ દોડાવી મુસાફરોને હેરાન પરેશાન કરવામાં આવે છે. જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ બાબતે પાલનપુર એસટી ડિવીઝન તેમજ મુખ્યમંત્રી સુધી ફરીયાદો થવા છતાં સુખદ નિરાકરણ નહીં આવતા ગામના વિદ્યાર્થીઓના શિક્ષકણ પર જોખમ તોળાઈ રહ્યું છે. ઊંટવાડા ગામ આર્થિક રીતે પછાત હોવાથી વાલીઓ પોતાના બાળકોને પ્રાઈવેટ વાહનોમાં અપડાઉન કરી શકે તેમ નથી. આમ વિદ્યાર્થીઓ અને મુસાફરીની બાબતને ધ્યાને લઈ એસટીતંત્ર દ્વારા ગ્રામજનોની માંગણી સંતોષવામાં આવે તેવી લોકમાંગ પ્રવર્તી રહી છે. આ બાબતે ઊંટવાડા ગામના અગ્રણી ગણપતજી કરણજી ઠાકોરે જણાવ્યું હતુ કે એસટીની અમિયમિતતાને કતારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. એટલે એસટીતંત્ર દ્વારા લોકોની માંગણીઓ સત્વરે સંતોષવામાં આવે તેવી અમારી માંગણી છે. તેમજ અમારી માંગણી મુજબના વધારાના અને અગાઉ બંધ કરાયેલ નવા રૂટ પુનઃ ચાલુ કરાય તેવી માંગણી છે.

# હિંમતનગરની વિદ્યાનગરી કોલેજનો વાર્ષિકોત્સવ યોજાયો

હિંમતનગર, તા.૪

હિંમતનગર શહેરમાં આવેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને માસ્ટર ઓફ એજ્યુકેશન વિદ્યાનગરીનો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.

હિંમતનગરની વિદ્યાનગરી કોલેજ ખાતે વાર્ષિકોત્સવનું આયોજન તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓએ અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી ઉપસ્થિત મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા. વધુમાં તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના અધ્યક્ષ ડી.એલ. પટેલે અભ્યાસ કરતા તાલીમાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવી હતી. સંસ્થાના એમ.એડ. તથા બી.એડ.ના પ્રિન્સીપાલ અલકાબેન શાહે સંસ્થાનો પરિચય આપી વાર્ષિક અહેવાલો રજુ કર્યા હતા. આ પ્રસંગે મોડાસા એમ.એડ. કોલેજના એચ.ઓ.ડી. ડૉ. નવનીત જયસ્વાલ અને દરામલી એમ.એડ. કોલેજના એચ.ઓ.ડી ડૉ. ઉષાબેન બક્ષી ઉપસ્થિત રહ્યા હતાં.

## જૂનાગઢના શિવરાત્રી મેળાના મેળામાં સાવધ રહેવા જાથાની અપીલ

જૂનાગઢ, તા. ૪

જૂનાગઢમાં તા. ૬ઠ્ઠી માર્ચથી ૧૦મી માર્ચ સુધી શિવરાત્રીનો મેળો યોજનાર છે. તેનાં બનાવટી બાવા તથા નાગાબાવાથી સાવધ રહેવા ભારત જનવિજ્ઞાન જાથાએ અપીલ કરી છે. બે વર્ષમાં જાથાએ સાત બાવાઓને પડકાર્યા હતા. જાથાનાં ચેરમેન જયંત પંડયા જણાવે છે કે બનાવટી બાવાથી યેનકેન રીતે લોકો છેતરપીંડીના ભોગ બને છે. ૩૦ થી ૪૦ સેકન્ડ બેભાન થતાં કિંમતી વસ્તુઓ ગુમાવે છે. જેથી અજાણી વ્યક્તિઓચા-પ્રસાદ વ્યસનની વસ્તુ લેવા કેપીવા નહીં નિર્દોષને આ ટોળકી નિશાન બનાવે છે.



**સમાજમાં અંધશ્રધ્ધા કુરિવાજોને દૂર કરતી પુસ્તિકાનું જાથા દ્વારા વિમોચન**

રાજકોટમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિચાર મંચે ભારત જન વિજ્ઞાન જાથાનાં સહયોગથી વિચાર પરિવર્તન પુસ્તિકા સમાજ માટે પથદર્શક બને છે. તેવી પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. જાથાનો ૭૨૯૨મો કાર્યક્રમ સંપન્ન થયો હતો. વ્યસન કુરિવાજો ને તિલાંજલિ આપવા જાથાએ અનુરોધ કર્યો હતો. લેખક ચમનભાઈ રાઠોડ તથા ગોવિંદભાઈ ચંદ્રપાલ પુસ્તિકાનો હેતુ સમાજમાં પ્રવર્તતી ગેર માન્યતાની, કુરિવાજોની સમજ આપવામાં આવી હતી. જાથાના ચેરમેન જયંત પંડ્યાએ વિચાર પરિવર્તન પુસ્તિકાનું વિમોચન કરેલ હતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮